## PROVISIONAL ELIGIBILITY CERTIFICATE (PEC) મેળવવા માટેની અગત્યની સૂચનાઓ:

1. PROVISIONAL ELIGIBILITY CERTIFICATE (PEC) મેળવવા વિદ્યાર્થીએ ઓનલાઈન ફોર્મ ભરવાનુ રહેશે. જેની ફી નીચે મૂજબ ઓનલાઈન ભરવાની રહેશે. જે-તે ફેકલ્ટીમાં પ્રવેશ ચાલુ થાય ત્યારબાદ જ PEC માટે અરજી કરવી. **પ્રવેશ ચાલુ થયા પહેલાં કરેલ અરજી રદ કરવામાં આવશે અને તે અંગે ભરેલી ફી પરત કરવામાં આવશે નહીં.**

| ભારતના કોઇ પણ માન્યતા પ્રાપ્ત બોર્ડ/યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટેની ફી | ગુજરાત યુનિવર્સિટીના Study Abroad Program (KADAMB)માંથી આવતા વિદેશી વિદ્યાર્થીઓ અથવા વિદેશમાંથી માન્યતા પ્રાપ્ત ભારતીય બોર્ડ CBSE, ICSE ધોરણ ૧૨ પૂર્ણ કરી આવેલ વિદ્યાર્થીઓ માટેની ફી | માન્યતા પ્રાપ્ત વિદેશી બોર્ડ/ યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓ / NRI quota માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી |
|---|---|---|
| ૧૧૦/- | ૨૧૦/- | ૭૫૧૦/- |

2. વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યાના ૧ મહિના (One Month)માં ફરજીયાત PEC મેળવી લેવાનું રહેશે.
ત્યારબાદ અરજી કરનારને રેગ્યુલર ફી (ક્રમાંક -૧મુજબ) ઉપરાંત લેઈટ ફી –એક વર્ષ સુધી રૂ. ૫૦૦/- અને એક વર્ષ પછી રૂ. ૫૦૦૦/- મુજબ ભરવાની રહેશે.
**સુચના : એડમીશનની તારીખ આધારે ફી ભરવાની થતી હોવાથી, એડમીશનની તારીખ ચોકસાઈ પૂર્વક નાખવી. તારીખ નાખવામાં કરેલી ભૂલના કારણે ભરેલી ફી પરત કરવામાં આવશે નહીં અને ફરીથી અરજી કરવી પડશે જેની ખાસ નોંધ લેશો.**
3. ઓનલાઈન ફોર્મ સાથે વિદ્યાર્થીઓએ ધોરણ -૧૦ અને ૧૨ થી લઈ છેલ્લે પાસ કરેલ પરીક્ષા સુધીની તમામ (પાસ/ફેઈલ/ટ્રાયલ સાથેની) અસલ માર્કશીટ અને એડમીશન ઓર્ડર સ્પષ્ટ વાંચી શકાય તે રીતે ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. અધુરી તેમજ સ્પષ્ટ વાંચી ન શકાય તેવી અરજીઓ રદ્ થવાને પાત્ર રહેશે. જે અંગે ભરેલ ફી પરત મળી શકશે નહી.
4. માન્યતા પ્રાપ્ત વિદેશી બોર્ડ/ યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓએ AIUનું સર્ટિફિકેટ અચૂક અપલોડ કરવાનું રહેશે.
5. ગુજરાત રાજ્યની શાળાઓમાંથી CBSE-Delhi દ્વારા ધોરણ ૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓએ PEC લેવાનું રહેતું નથી. આવી અરજી અંગે ભરેલ ફી પરત મળી શકશે નહીં જેની નોંધ લેવી.
6. ગુજરાત રાજ્યની અનુદાનિત યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓએ કોલેજમાં પ્રવેશ મેળવ્યા બાદ જ PECની કાર્યવાહી કરવી. આવા કિસ્સાઓમાં પ્રવેશ મેળવ્યા પહેલાં કોઈપણ સંજોગોમાં PEC આપવામાં આવશે નહીં.
7. અન્ય યુનિવર્સિટીમાંથી ટ્રાન્સફર લઈને (સેમ-૩/૫માં) ગુજરાત યુનિવર્સિટીમાં આવતા વિદ્યાર્થીઓએ અગાઉની કોલેજનુ NOC તથા અત્રે પ્રવેશ મેળવેલ જે-તે કોલેજનુ NOC ઓનલાઈન અપલોડ કરવાનુ રહેશે. તેમજ મેડિકલ વિદ્યાશાખામાં અધવચ્ચેથી એડમિશન મેળવેલ વિદ્યાર્થીઓએ બન્ને યુનિવર્સિટી તેમજ બન્ને કોલેજોના (કુલ ૪) NOC ઓનલાઈન અપલોડ કરવાનુ રહેશે.
8. મેડિકલ/ડેન્ટલ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ (૧) એડમિશન કમિટીનો એડમિશન ઓર્ડર (૨) ઇન્ટર્નશિપ કંપલિશન સર્ટિફિકેટ (૩) મેડિકલ કાઉન્સીલ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ પણ ઓનલાઈન સ્પષ્ટ વાંચી શકાય તે રીતે અપલોડ કરવાના રહેશે.
9. ITI/Diploma કરેલ વિદ્યાર્થીઓ (Lateral Entry) કે જેમણે HSC પાસ કરેલ ન હોય તેમણે ધોરણ -૧૨ સમકક્ષતા પ્રમાણપત્ર (Equivalence Certificate) પણ ઓનલાઈન સ્પષ્ટ વાંચી શકાય તે રીતે અપલોડ કરવાનુ રહેશે. ITIના વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨માં અંગ્રેજી વિષય પાસ કર્યા સાથેની માર્કશીટ પણ સ્પષ્ટ વાંચી શકાય તે રીતે અપલોડ કરવાના રહેશે.
10. વિદ્યાર્થીઓની અરજીમાં ખોટી/બોગસ/છેડછાડ કરેલી કે અમાન્ય બોર્ડ/યુનિવર્સિટીની માર્કશીટ અપલોડ કરી હશે તો તેવી અરજીઓ રદ્ કરવામાં આવશે, અને જે અંગે ભરેલ ફી પરત મળી શકશે નહી. તેમજ આવી અરજીઓ સામે કાનૂની પગલા લેવામાં આવશે જેની નોંધ લેશો.
11. PEC મેળવેલ વિદ્યાર્થીઓએ જે-તે વર્ષનુ સત્ર પૂર્ણ થાય તે પહેલા Final Eligibility Certificate (FEC) રૂમ નં ૧૪, ગુજરાત યુનિવર્સિટી ખાતેથી તેઓનું Original Migration Certificate જમા કરાવ્યા બાદ મેળવી લેવાનુ રહેશે. ત્યારબાદ ૧ વર્ષ બાદ વર્ષ દીઠ રૂ. ૨૦૦/- લેખે લેઈટ ફી લાગુ પડશે. જેની નોંધ લેશો.
12. ખામી વગરની અરજીઓનો નિકાલ સમાન્ય રીતે કામકાજના દિન -૭માં (7-Working Days) થતો હોઇ, વિદ્યાર્થીને તેના રજીસ્ટર્ડ ઈ-મેઈલ અથવા મોબાઈલ નબંર પર PEC લેવા અંગેની જાણ કરવામાં આવશે.
13. ઇન્ટિગ્રેટેડ કોર્સિસ કે અનુસ્નાતક (PG) કક્ષાએ અન્ય યુનિવર્સિટીમાંથી અધવચ્ચેથી અધૂરા અભ્યાસ સાથે ટ્રાન્સફર લઈને આવતા વિદ્યાર્થીઓ એડમીશનને પાત્ર નથી, અને એક્સટર્નલ વિદ્યાર્થીઓએ PEC લેવાનું ન હોય, આવા વિદ્યાર્થીઓએ PEC માટે અરજી કરવી નહી. તેઓની અરજી રદ્ કરવામાં આવશે અને તે અંગે ભરેલી ફી પરત મળશે નહીં.

1. To obtain PROVISIONAL ELIGIBILITY CERTIFICATE (PEC), the student will have to fill the online form. The student must apply for the PEC only after admission process in the concerned faculty is open. If the application is filled before the start of Admission Process, it will be automatically cancelled and the fees will not be refunded.

   The fee structure for PEC application is as mentioned below.

| | | |
|---|---|---|
| Student from any UGC/Indian Govt. recognized University/ Board | Students from Study Abroad Program (KADAMB), Gujarat University or those students who have completed their 12th standard from Indian Board/CBSE/ICSE approved institution based in a foreign country | Students from Recognized foreign board or University or those who have been admitted under the NRI quota. |
| Rs. 110/- | Rs. 210/- | Rs. 7510/- |

2. Students must compulsorily obtain PEC within **1 (One) Month** of getting admission. Thereafter the applicant will be charged a late fee in addition to the regular fee (as per Point No. 1): Rs. 500 / - upto 1 year and after that Rs. 3000/-.
   Instruction: The date of admission should be mentioned accurately as the fee is determined on the basis of the date of admission. In case of mentioning the wrong date, the fee paid due to this mistake will not be refunded and the student will have to apply all over again.

3. Along with the Online Form, the students will also have to upload **ALL** the Mark Sheets of Std. 10 and 12 (including pass/fail/trial) till the latest passed examination and the Admission Order. The images of the all the documents must be from the original documents and must be clear and readable.
4. Students from recognized Foreign Board/University must upload the AIU Certificate.
5. Students who have passed Std. 12 through CBSE-Delhi from schools based in Gujarat State do not have to take PEC. Fees paid for such application will not be refunded.
6. Students coming from Gujarat State Granted University must first get admission in the college and only then start the process of obtaining PEC. Under no circumstances will PEC be granted before admission to such cases.
7. Students transferring to Gujarat University from other Universities (in Sem-3/5) will have to upload the NOC from the previous college and NOC from the current

college where they have taken admission. The students in Medical faculty who have transferred to Gujarat University will have to upload NOCs from both Universities and both colleges (Total 4 NOCs).

8. Students seeking admission in the Faculty of Medicinal / Dental Studies must upload clear and readable images of:
    1) Admission Committee Admission Order
    2) Internship Completion Certificate
    3) Medical Council Registration Certificate
9. Lateral Entry Students who have not cleared HSC and have completed ITI / Diploma courses must upload clear and readable image of Std-12 Equivalency Certificate. Students of ITI will also have to upload the Mark sheet of passing English Subject in standard 12 in such a way that it clear and readable.
10. Applications with incorrect/bogus/tampered documents or Mark sheets of invalid Board/University will be cancelled and the fees paid will not be refunded. Kindly note the legal action will be taken against such applications.
11. Students who have obtained PEC must obtain the Final Eligibility Certificate (FEC) from Room No. 12, Main Building, Gujarat University before the end of the same Academic Year. After the one-year, please note that a late fee of Rs. 200/- per year will be applicable.
12. If there are no queries or errors in the application, the PEC is processed within 7 (seven) working days. The student will be informed via Email or call on the mentioned mobile number.
13. Students transferring halfway from Integrated Courses or Post-Graduate (PG) level courses from other Universities are not eligible for admission. External students do not have to obtain PEC, hence such students must not apply for PEC. Such applications will be rejected and the fee will not be refunded.